



સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના બેરણા ચાર રસ્તે નેશનલ હાઈવે નં-૮ પર મંગળવારે સાંજે ટ્રકની ટક્કરે રોડ ક્રોસ કરતી બેરણા ગામની ૪૦ વર્ષીય મહિલા સરોજબેન નીતિનભાઈ પટેલનું ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું તો ફોર લેનનું સિક્સ લેનની કામગીરી ચાલી રહી છે જેને લઈને અકસ્માત સર્જાયો હોવાના આક્ષેપ સાથે ગ્રામજનો રોડ ચક્કાજામ કરી દીધો હતો તો આ અંગે પોલીસને જાણ થતા ઘટના સ્થળે પોલીસે પહોચી સમજાવટ બાદ ટ્રાફિક ખુલ્લો કરવામાં આવ્યો હતો. તો અકસ્માત અંગે એ ડીવીઝન પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ઢુવામાં ખેતર મુદ્દે ખેડૂતને માર મારી વાવેતરને નુકસાન

## ડીસા તાલુકા પોલીસે ચાર સામે ફરીયાદ નોધી તપાસ હાથ ધરી

ડીસા, તા.૧૮

"તને મેં ના પાડી છે છતાં તું આ ખેતર કેમ વાવે છે? " એમ કહી ડીસા તાલુકાના ઢુવા ગામે ખેડૂતને માર મારી વાવેતર કરેલ રાજગરો ઉખાડી નુકશાન પહોચાડતા ડીસા તાલુકા પોલીસે ચાર સામે ફરીયાદ નોધી તપાસ હાથ ધરી છે.

ડીસા તાલુકાના ઢુવા ગામના ભજાસણાપરા વિસ્તારમાં રહેતા પ્રવિણજી મદારજી ઠાકોર ગામની વિમોચન મંડળીની જમીન ભાગે રાખી ખેતી કામ કરે છે. રવિવારે સવારના સાડા અગિયારેક વાગ્યાના સુમારે ખેતરમાં કામ કરી રહ્યાં હતાં. જે દરમ્યાન પાડોશમાં ખેતર ધરાવતા ગલજીજી તખાજી ઠાકોરે આવીને કહેલ કે "તને મેં ના પાડી છે છતાં તું આ ખેતર કેમ વાવે છે" તેમ કહી ઘરના અન્ય સભ્યોને બોલાવી મા બેન સામે ભૂડી ગાળો બોલી માર મારી વાવેતર કરેલ રાજગરાને ઉખાડી નુકશાન પહોચાડ્યું હતું. જેથી ભોગ બનનાર પ્રવિણજી મદારજી ઠાકોરે ડીસા તાલુકા પોલીસ મથકે ગલજીજી તખાજી ઠાકોર, હાલીબેન ગલજીજી ઠાકોર, રામાજી ગલજીજી ઠાકોર અને સૂર્યાબેન રામાજી ઠાકોર (ચારેય રહે, ઢુવા, તા. ડીસા) સામે ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હે.કો. દિનેશકુમાર પરમાર ચલાવી રહ્યાં છે.



સાબરકાંઠાના રાજેન્દ્રનગર અને આડા હાથરોલ ગામના જંગલ વિસ્તારમાં આવેલ બાલસમુદ્ર મંદિરના જીર્ણોદ્ધાર પહેલા જ ખંડિત કરી મંદિર તોડી નાખતા સાધુ સંત સહીત આજુબાજુના ગામોના લોકોએ હિંમતનગરના ટાવર ચોકથી મોટી સંખ્યામાં રેલી યોજી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી

# પાલનપુરમાં જયોર્જ ફિફથ કલબની જમીન પર ભુમાફિયાઓનો ડોળો હોવાની રાવ

## ભૂમાફિયાઓ પ્લોટ ન પાડે તે માટે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત

પાલનપુર, તા.૧૮

નવાબી નગરી પાલનપુરના નવાબે વર્ષો અગાઉ નગરજનોને




રમત–ગમત માટે જમીન ફાળવી હતી. જેના પર જયોર્જ ફિફથ કલબનો કબ્જો હોવાના દાવા વચ્ચે શહેરના કેટલાક ભુમાફિયાનો ડોળો આ જમીન પર હોઈ જ્યોર્જ ફિફ્થ કલબ બચાવવાની માંગ સાથે કલબના સંચાલકો સહિત રમતગમત પ્રેમીઓએ રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુરમાં ૧૧૦ વર્ષથી ચાલતા જ્યોર્જ ફિફ્થ કલબના મેદાનની બાજુમાં આવેલી જમીન ભુમાફિયાઓ દ્વારા પડાવી લેવાનો કારસો રચાયો હોવાની રાવ સાથે જ્યોર્જ ફિફ્થ કલબ ના હોદ્દેદારો સહીત રમતગમતપ્રેમીઓએ રેલી યોજી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતુ.

આ અંગે રણજી ક્રિકેટ પ્લેયર દિલીપસિંહ હડિયોલે જણાવ્યું હતું કે, જ્યોર્જ ફિફ્થ કલબ એક માત્ર ગ્રાઉન્ડ છે કે, જ્યાં પાલનપુર અને આજુ બાજુના ગામના રમતવીરો ક્રિકેટ, ફૂટબોલ, ટેબલ ટેનિસ, બેડમિંટન તેમજ પોલીસ, આર્મી, આરપીએફ, સીઆરપીએફ, એસઆરપીની ભરતી માટે પ્રેક્ટિકલની પ્રેક્ટિસ કરે છે. આ મેદાનની બાજુમાં આવેલી કલબ સંચાલિત જમીન પર પણ કલબનો કબ્જો છે. આ જમીન પરનો માલિકી હકનો દાવો કરતા લોકો કેસ હારી ગયા છે. ત્યારે ભુમાફિયાઓનો ડોળો આ જમીન પર છે. જેના વિરુદ્ધમાં જયોર્જ ફિફથ કલબ દ્વારા સોમવારે સવારે ૧૦:૩૦ કલાકે રેલી સ્વરૂપે જ્યોર્જ ફિફ્થ કલબ થી કલેક્ટર કચેરી સુધી જઈને કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ.

# 'તું મારી જમીનમાં સાફસફાઈ કેમ કરે છે' તેમ કહી ડીસાના ભાચરવા ગામે હુમલો

## સરપંચ સહિત ચાર સામે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ

ડીસા, તા.૧૮

ડીસાના ભાચરવા ગામે "તું મારી જમીનમાં કેમ સાફ સફાઈ કરે છે" તેમ કહી દલિત યુવકને જાતિ અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં સરપંચ સહિત ચાર શખ્સો સામે ડીસા તાલુકા પોલીસ મથકે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના ભાચરવા ગામના પુનમાભાઈ જલાભાઈ પરમાર ગામમાં ટાયર પંચરની દુકાન ધરાવે છે. સોમવારના સવારે અગિયારેક વાગ્યાના સુમારે પુનમાભાઈ પોતાના ઘરે હતા. જે દરમિયાન ભાચરવા ગામના સરપંચ સહદેવજી હરનાથજી ઠાકોર સહિત ચાર શખ્સોએ આવીને કહેલ કે સ્મશાનની પાછળ આવેલ મારી જમીનમાં તે કેમ સાફ સફાઈ કરાવેલ છે ? તેમ કહી ઉશ્કેરાઈ જઈ મા બેન સામે ભુડી ગાળો બોલી માર મારતા હતાં. જે દરમ્યાન પુનમાભાઈ પરમારના પિતા આવી જતાં ચારેય જણા જાતિ અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

જેથી પુનમાભાઈ પરમારએ ડીસા તાલુકા પોલીસ મથકે ભાચરવા ગામના સરપંચ સહદેવજી હરનાથજી ઠાકોર, નારણજી બનાજી ઠાકોર, પ્રધાનજી તલાજી ઠાકોર અને મોઘજીજી બનાજી ઠાકોર (ચારેય રહે, ભાચરવા, તા. ડીસા) સામે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાવતા ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક વિ.કે.પંડ્યા ચલાવી રહ્યા છે.



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ત્રિદિવસીય ઉમિયા માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું યોજાઈ રહેલ છે જેને લઈને મંદિરમાં અને યજ્ઞ કુંડ બનાવવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે ત્યારે ૩૦૮ પાટલાના યજમાન માટે ૧૦૮ કુંડ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

### અરવલ્લી જિલ્લા સામાજીક એકતા જાગૃતિ મિશનની

# જ્વલંત ત્રિવેદી સામે ગેરબંધારણીય પરિપત્ર મામલે પોલીસ ફરિયાદની માંગ



મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લા સામાજિક એકતા જાગૃતિ મિશનના જિલ્લા પ્રભારી અનિલ પરમાર અને જીલ્લા અધ્યક્ષ હર્ષ વાઘેલા અને મિશન સાથે જોડાયેલા કાર્યકરોએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન મથકે પહોંચી ટાઉન પી.આઈ ને લેખિત રજુઆત કરી સામાન્ય વહીવટ વિભાગના અધિકારી અને તેમના સાગરીતોએ

૧-૦૮-૨૦૧૮ ના રોજ અનામત વર્ગની મહિલાઓને નોકરીથી વંચિત રાખવાના ઉદ્દેશ થી એક ગેરબંધારણીય પરિપત્ર બનાવવામાં આવેલ છે અને જાહેર કરવામાં આવ્યો હોવાથી અનામત વર્ગની મહિલાઓને સરકારી ભરતીમાં અન્યાય થયેલ છે જેથી આ ઠરાવ રદ થાય તેમજ જ્વલંત ત્રિવેદી અને તેના સાગરીતો વિરુદ્ધ કાયદેસર ની એફઆઈઆર રજીસ્ટર કરવામાં આવેની માંગ સાથે પોલીસ મથકે અરજી આપવામાં આવી હતી .

# પાલનપુરમાં નાની બજાર અને રેલવે સ્ટેશન પાસે વરલી મટકાનો જુગાર રમતા ચાર જુગારીયા ઝડપાયા

પાલનપુર શહેરમાં વિવિધ જગ્યાએ જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે શહેર પૂર્વ પોલીસની ટીમે નાની બજાર અને રેલવે સ્ટેશન આગળ ચાલતા જુગારધામ પર રેડ કરી હતી. જેમાં જુગાર રમતા અને રમાડતા ચાર શખ્સો રૂ.૨૯, ૨૮૦ ના મુદ્દામાલ સાથે પોલીસના હાથે ઝડપાઈ જતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં નાનીબજાર વિસ્તારમાં આવેલી છુંવારાફળી પાસે ચાલતા વરલી મટકાના જુગારધામ પર પોલીસ દ્વારા ઓચિંતી રેડ કરવામાં આવી હતી. જ્યાં વરલી મટકાના આંક ફરક આંકડાનો જુગાર રમતો અને રમાડતો શખ્સ સિકંદરખાન અહેમદભાઈ ફકીર રહે.છુંવારાફળી પાલનપુર વાળો રૂ.૭૭૪૦ રોકડ અને રૂ.૫૦૦ની કિંમત ના ત્રણ મોબાઈલ મળીને કુલ.રૂ.૮૨૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયો હતો.

જોકે પોલીસની ટીમે રેલવે સ્ટેશન આગળ ખુલ્લામાં ચાલતા વરલી મટકા ના જુગારધામ પર રેડ કરી હતી. જ્યાં આંક ફરકથી વરલી મટકાનો જુગાર રમતા હિતેશ ઉર્ફે મુન્નો ગણપતજી ઠાકોર રહે.ચામુંડાવાસ પાલનપુર, બાબુ પોપટભાઈ વાલ્મિકી રહે. વાલ્મિકીવાસ પાલનપુર અને રાજુ પ્રહલાદ ઠાકોર રહે. ચામુંડાવાસ પાલનપુર વાળા રૂ. ૧૯,૦૪૦ રોકડ અને રૂ.૮, ૫૦૦ની કિંમત ના ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.૧૯,૦૪૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ જવા પામ્યા હતા. જોકે જુદાજુદા સ્થળે વરલી મટકા નો જુગાર રમતા પોલીસના હાથે ઝડપાયેલા ચાર જુગારીયાઓ વિરુદ્ધ જુગારધારા ની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# ડીસામાં વિવાદિત બગીચો ખુલ્લો મુકવા ત્રણ દિવસનું અલ્ટીમેટમ

## બગીચો ખુલ્લો નહિ મુકાય તો આમ આદમી પાર્ટી ઉપવાસ આંદોલન છેડશે




ડીસા, તા.૧૮

ડીસાના હવાઈ પિલર નજીક નગરપાલિકા દ્વારા કરોડોના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક નાનાજી દેશમુખ બગીચો છેલ્લા ઘણાં સમયથી વિવાદમાં સપડાયો છે કોન્ટ્રાકટરનું પેમેન્ટ બાકી હોઈ તેણે આ બગીચાને તાળું મારી દીધું છે. જો કે ડીસાવાસીઓ માટે એકમાત્ર સુવિધાઓથી સુસજ્જ બગીચો બંધ કરી દેવામાં આવતા ડીસા વાસીઓમાં ભારે નારાજગી ફેલાઈ છે.

આ મામલે આમ આદમી પાર્ટી દ્વારા આ વિવાદીત બગીચો ખુલ્લો મુકવા માટે તારીખ ૨૪/૫/૧૮ ના રોજ નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી ત્યાર બાદ ફરી મંગળવારે પણ આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા પાલિકા ચીફ ઓફિસરને આવેદન પત્ર આપી આગામી ત્રણ દિવસમાં બગીચો ખુલ્લો મુકવાની માંગ કરી હતી અને જો તેમ નહિ થાય તો આગામી દિવસોમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ડીસાવાસીઓના હિતમાં અનશન ઉપર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. જેથી આગામી સમયે બગીચા મુદ્દે ગરમા ગરમીનો માહોલ સર્જાય તેવી શકયતા નકારી શકાતી નથી.

# ડીસાની વર્ધમાન સોસાયટીમાં દાગીના સહિત રોકડની ચોરી

ડીસા, તા.૧૮

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં થોડા સમય અગાઉ સાર્થક બંગલો, નેમિનાથ નગર, મંગળ પાર્ક સહિતના વિસ્તારોમાં ચોરીની ઘટનાઓ બનાવ પામી છે. જેના ભેદ હજુ ઉકેલાયા નથી ત્યારે શહેરની મધ્યમાં આવેલી વર્ધમાન સોસાયટીમાં રહેતા છબીલદાસ બાબુલાલ સોનેથા ગત તા.૧૭/૨/૨૦ના રોજ સામાજિક પ્રસંગે બહાર ગયા હતા તે દરમિયાન અજાણ્યા તસ્કરો તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાં પડેલ સોનાની વીંટી, ત્રણ ચાંદીની ઝાંઝર અને રોકડ મળી કુલ રૂ. ૭૪,૫૦૦ ની માલ મતા ચોરી ફરાર થઈ ગયા હતા. બીજે દિવસે છબીલદાસ સોનેથા અને તેમના પરિવારજનો પરત આવતા મકાનનો દરવાજો તૂટેલો અને ઘરનો સામાન વેર વિખેર હોઈ ચોરી થયાનું માલુમ પડતા આ મામલે તેમણે દક્ષિણ પોલોસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બિરસા મુંડા યુવા સંગઠન દ્વારા પાલનપુર ખાતે પુલવામાંના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

કાશ્મીરના પુલવામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯માં થયેલા આંતકી હુમલામાં શહીદ થયેલા



જવાનોને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારે પાલનપુરમાં પણ બિરસા મુંડા યુવા સંગઠન દ્વારા શહીદોને અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

પાલનપુરમાં બિરસા મુંડા યુવા સંગઠન વીરબાઈગેટ દ્વારા શહેરના ભીલવાસ રામદેવપીર મંદિર ચોક ખાતે સમાજના અગ્રણી ઈંદ્રજીત રાણા સહીત મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી પ્રાર્થના સભા યોજી બે મિનિટ માટે મૌન પાળી શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જયારે રાત્રે ૯ વાગે હનુમાન શેરી સ્થિત હનુમાન મંદિરમાં હનુમાન ચાલીસાનો પાઠ કર્યા બાદ શહીદ વીર જવાનોની આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં સર્વે રાષ્ટ્રપ્રેમી અને ધર્મપ્રેમી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે "શહીદો અમર રહો" ના નારો ગુંજી ઉઠ્યો હતો.

# વડગામ તાલુકાના જોયતા નજીક બે બાઈક સામસામે ટકરાયા એકનું મોત ત્રણ ગંભીર

વડગામ તાલુકાના જોયતા ગામ પાસે સોમવારના સાંજના સમયે બે બાયક સામસામે ટકરાઇ જતાં એક યુવકનું મોત થયુ હતું જ્યારે ત્રણ યુવકોને ગંભીર ઈજાઓ થતાં દવાખાને સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે. હજી તો ધોરી નજીક એક યુવકના મોતની શાહી પણ સુકાઇ નથી ત્યાં બીજા યુવકનું માર્ગ અકસ્માતમાં મોત થતા આ વિસ્તારના લોકોમાં એરેરાટી વ્યાપી જવા પામી છે. વડગામ તાલુકાના મોરીયા ગામથી મુમનવાસ જવાના રસ્તા પર આવેલા જોયતા ગામના પાટીયા પાસે મુમનવાસ તરફ જઈ રહેલા બાઈક સાથે સામે તરફથી આવી રહેલ બાઈક સામ સામે ધડાકાભેર અથડાઇ જતાં ચાર યુવકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં ૧૦૮ વાનમાં સારવાર માટે લઈ જવાઈ રહેલા યુવક દવાખાને પહોંચે તે પહેલાં મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ યુવકોને પાલનપુર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમા વડગામ તાલુકાના નાગલ ગામના નરેશભાઈ ઈશ્વરભાઈ પરમાર તથા મોરીયાના અર્જુનભાઈ પ્રવિણભાઈ શ્રીમાળીને ગંભીર ઈજાઓ થતાં પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. જ્યારે દાંતા તાલુકાના ચોરી ગામના અરજણભાઈ મકવાણાનું મોત નિપજ્યું હતું. જયારે કાળુભાઈ નરસાભાઈ રહે. ચોરીને ગંભીર ઈજાઓ થતા તેની હાલત નાજુક જણાતાં અમદાવાદ વધુ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# પાલનપુરમાં શિરવાડાના વિપ્ર યુવકે વખ ઘોળ્યું

પાલનપુર, તા.૧૮

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલા જોડનાપુરા પાસે એક ૨૬



વર્ષીય યુવક ઝેર પ્રવાહી પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ યુવક કાંકરેજ તાલુકાના શિરવાડા ગામનો ભરત ભાઈરામભાઈ જોશી હોવાનું જાણવા મળ્યું છે. તેણે વ્યાજખોરોના ત્રાસથી અને કોઈ બિલ્ડરની ધમકીથી આવું

**યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો**

આત્મઘાતી પગલું ભર્યું હોવાના અહેવાલ મળ્યા છે. તેની પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી હોવાની વહેતી થયેલી વાતો વચ્ચે પોલીસ નિષ્પક્ષ તપાસ કરી યુવકને મોતના મુખમાં ધકેલનારા લોકોને બેનકાબ કરે તેવી લાગણી ઉપસ્થિત લોકોએ વ્યક્ત કરી હતી.

# સરીપડામાં વરઘોડા પર પથ્થરમારો કરનારા ૧૧ શખ્સો સામે ગૂનો નોંધાયો

## રવિવારે અનુસુચિત જાતિના યુવકના લગ્ન પ્રસંગે યોજાયેલા વરઘોડા પર પથ્થર મારા મામલે ગુનો નોંધાયો : ગામમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત

પાલનપુર, તા.૧૮

પાલનપુર તાલુકાના સરીપડા ગામે રવિવારે અનુસૂચિત જાતિના યુવકના લગ્ન પ્રસંગે ગામમાં વરઘોડો યોજાયો હતો.



ત્યારે ગામના ઠાકોર સમાજના શખ્સોએ વરઘોડો રોકાવી પથ્થરમારો કર્યો હોવાની રાવ ઉઠી હતી. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે બે મહિલાઓ સહિત કુલ અગિયાર શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના સરીપડા ગામમાં રહેતા અને ભારતીય સૈન્યમાં ફરજ બજાવતાં આકાશભાઈ દિનેશભાઈ પરમારના લગ્ન પ્રસંગે તેમની જાણ સુંઢા ગામે જવા રવાના થઈ હતી. ત્યારે ગામમાં આકાશને ઘોડા ઉપર બેસાડી વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જોકે, તે સમયે ગામના ઠાકોર સમાજના શખ્સોએ તેમને જાતિ અપમાનિત કરી વરઘોડો કાઢવો હોય તો ઠાકોર-પટેલના પેટે અવતાર લેવો પડશે. તેમ કહી પથ્થરમારો કર્યો હતો.

જેમાં સામઢી મોટાવાસના હિરાભાઈ ગમાનભાઈ શેખલીયા, આકેડી ગામના કુસુમબેન કાંતિભાઈ પરમાર સહિત અન્ય જાનૈયાઓને વધતી ઓછી ઈજાઓ થવા પામી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતાં પોલીસ દોડી આવી હતી. અને બંદોબસ્ત વચ્ચે જાન નીકાળવામાં આવી હતી. આ ઘટના અંગે ખેમાભાઈ મઘાભાઈ કોઈટીયાએ ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**કોની સામે ગૂનો નોંધાયો**

સેનજીભાઈ સરદારજી ઠાકોર, શિવાજી મનનજી ઠાકોર, દિપકજી દિનેશજી ઠાકોર, તુષારજી શિવાજી ઠાકોર, ભવાનજી સરદારજી ઠાકોર, જીતુજી સોવનજી ઠાકોર, વિનોદજી તખાજી ઠાકોર, રામાજી સુરાજી ઠાકોર, દિપકજી ઈશ્વરજી ઠાકોર, બાઈબાબેન સેનજીજી ઠાકોર અને મંજુબેન શિવાજી ઠાકોર સામે ગૂનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.